# હિન્દી ફિલ્મી ગીતોનું નોબેલ પ્રાઈઝ કોને મળી શકે?

થોડાં વરસ અગાઉ પોપ સોંગ્ઝ માટે બોબ ડિલનને સાહિત્યનું નોબેલ-પ્રાઈઝ મળ્યું ત્યારે જગભરમાં ઉહાપોહ થયો કે બોબને સાહિત્ય માટે ઈનામ મળવું જોઈએ કે ગીત-સંગીત માટે? પણ જો હિન્દી ફિલ્મોનાં ગીતો માટે નોબેલ પ્રાઈઝ કોને મળે? આમ તો શૈલેંદ્ર, સાહિર, મજરૂહ, શકીલ, પ્રદીપજી, ઈંદીવર, નીરજ, આનંદ બક્ષી, ગુલઝાર, જાવેદ.. બધાંએ હિન્દી ફિલ્મોની ટીપીકલ કથા-પટકથા પર અમૃત છાંટ્યું હોય એવાં ગીતો આપ્યાં છે. સાહિરના પ્રેમગીતો કે આક્રોશવાળા ગીતો, મજરૂહની સંવેદનશીલ ગઝલો કે તળપદાં ગીતો, નીરજ-ઈંદીવરના શુદ્ધ હિન્દી ગીતો, રાજેન્દ્ર કૃષ્ણ કે આનંદ બક્ષીની મદમસ્ત રચનાઓકોના કોના નામ લઈએ? ફિલ્મી સંગીતના વિશાળ સમુદ્રના એ સૌ અલગ અલગ કિનારાઓ છે, પણ એક ગીતકાર છે, જેણે ફિલ્મી ગીતોમાં શ્રૃંગાર, દર્દ, આક્રોશ, મસ્તી, લોકસાહિત્ય અને સામાજિક ચેતના વગેરે બધું જ લખ્યું છે.

કોણ છે એ?

1966માં બાંદ્રાના એક બંગલા પાસે દેવ આનંદ-વિજય આનંદ-સચીનદેવ બર્મન પહોંચે છે, એમાં રહેતાં ગીતકારને આગામી ફિલ્મ 'જ્વેલથીફ' માટે ગીતો લખવા સમજાવે છે પણ ગીતકાર દારૂના નશામાં કે ડિપ્રેશનમાં ગળાડૂબ છે. ત્રણેય એને બહુ સમજાવે છે પણ ગીતકાર ના જ પાડે છે. આવું બે-ત્રણ દિવસ ચાલે છે. પછી તો એ ફિલ્મવાળાઓને મળવાની ના પાડી દે છે, ઊલ્ટાનું પોતાનાં સૌથી મોટા હરીફ એવાં ગીતકાર મજરૂહ સુલ્તાનપૂરીને ફોન કરીને કહે છેઃ "યાર મજરૂહ, તું દેવ-વિજય આનંદની ફિલ્મમાં ગીતો લખી આપ જેથી મારો પીછે છોડે!", ત્યારે મજરૂહ એને કહે છેઃ "તું પહેલું ગીત લખ, પછી જો તારું મન ના માને તો બીજાં ગીતો હું લખીશ." ગીતકાર માની જાય છે, નિર્દેશક વિજય આનંદ એને સમજાવે કે અડધી રાતે એક નિર્જન તળાવમાં હિરોઈન નાવ ચલાવી રહી છે. એને જીવવામાં રસ નથી, મૃત્યુનાં વિચારો આવે છે. ત્યારે ગીતકારે હસીને કહ્યું, "આ તો મારાં જીવનની, મારી પોતાની, હાલની સ્થિતિ છે" અને તરત ગીતની પહેલી પંક્તિ લખી- 'રૂલા કે ગયા સપના મેરા, બૈઠી હું કબ હો સવેરા', જે એ ગીતકારનું એ છેલ્લું ગીત બની ગયું. એ ગીત રેકોર્ડ થયાં પછી ગીતકારનું મૃત્યુ થઈ ગયું. જાણે પોતાનાં જ મૃત્યુને કવિએ આમંત્રણપત્રિકા લેખલી. એ ગીતકાર એટલે હિન્દી સિનેમાનો સર્વશ્રેષ્ઠ ગીતકાર 'શૈલેન્દ્ર'.

ફિલ્મી ગીતોને સાહિત્યનો દરજ્જો આપનાર શૈલેન્દ્ર એક આમ આદમીનો ગીતકાર હતો. રાજકપૂર, બીમલ રોય, વિજય આનંદ જેવા અનેક મહાન ફિલ્મકારોની ફિલ્મો શૈલેન્દ્રનાં ગીતો વિના કલ્પવી એટલે રંગ વિના રંગોળી જે અસંભવ વાત છે. અતિશય સમાજવાદી પ્રગતિશીલ વિચારોવાળો શૈલેંદ્ર, સત્તાવાળાઓની ખિલાફ પણ લખી શકે છે. જનતાની તાકાત દેખાડવા 'મેરા જૂતા હૈ જાપાની, ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની, ગીતમાં કહે છેઃ 'હોંગે રાજે રાજકુંવર હમ બિગડે દિલ શહઝાદે, હમ સિંઘાસન પે જા ભૈઠે જબ જબ કિયે ઈરાદે'.

સ્વ. જયલલિતા જેવી તામિલ રાજકારણીનું ય ફેવરીટ સોંગ શૈલેંન્દ્રનું જ હતુંઃ 'આજા સનમ મધુર ચાંદની મે હમ'. શૈલેંદ્રએ તો સરળ જુબાનીમાં કેવા



**ફિલ્મી સંગીતના વિશાળ સમુદ્રના એ સૌ અલગ અલગ કિનારાઓ છે, પણ એક ગીતકાર છે, જેણે ફિલ્મી ગીતોમાં શ્રૃંગાર, દર્દ, આક્રોશ, મસ્તી, લોકસાહિત્ય અને સામાજિક ચેતના વગેરે બધું જ લખ્યું છે**

કેવાં ગીતો લખ્યા છે- 'દિલ કા હાલ સુને દિલવાલા', 'હમ ઉસ દેસ કે વાસી હૈ, જિસ દેસમેં ગંગા બહેતી હૈ', 'કાંટો સે ખીંચકે યે આંચલ', 'તેરે મેરે સપને અબ એક રંગ હૈ..' જેવાં અસંખ્ય ગીતો અને ભાવુક શૈલેન્દ્રનું મૌત પણ એક કલાકારનું, એક ગીતકારનું, એક કવિનું મૌત હતું. એ કયું દર્દ હતું જેને કારણે શૈલેન્દ્રએ ધીમે ધીમે આત્મહત્યા કરવા તરફ દારુનો સહારો લેવો પડ્યો હતો? તો થયું એમ કે ગીતકાર, શૈલેન્દ્રએ ફિલ્મ પ્રોડ્યુસ કરવાનું સપનું જોયેલું. હિન્દીનાં વાર્તાકાર ફણીશ્વરનાથ રેણુની એક વાર્તા

**સંગત સિતારોં કી**

★ સંજય છેલ

પરથી 'તીસરી કસમ'ફિલ્મ બનાવવાનું સપનું જોયેલું. જે રાજકપૂર માટે શૈલેંદ્રએ અનેક સુપરહીટ ગીતો લખેલાં એને હીરો લઈને ગંભીર વિષયની 'તીસરી કસમ' બનવવાનું સપનું શૈલેન્દ્ર માટે સ્યુસાઈડનો સામન બની ગયો. ફિલ્મ એક બળદગાડીવાળા ગામડિયા અને નૌટંકીની નાચનારી વચ્ચેની અસધારણ ઈમોશનલ પ્રેમકહાની હતી. 'સજન રે ઝૂઠ મત બોલો ખુદા કે પાસ જાના હૈ', 'દુનિયા બનાનેવાલે કાહે કો દુનિયા બનાઈ', 'સજનવા બૈરી હો ગયે હમાર..', 'પાન ખાયે સૈંયા હમારો..' જેવા શંકર જયકિશનનાં સંગીત સાથે રચાયેલા બેનમૂન ગીતો હતાં. શંકર-જયકિશન માટે 200થી બધુ ગીતો શૈલેન્દ્રએ લખેલાં અને એ કોમ્બીનેશનથી 'તીસરી કસમ'ને શ્રેષ્ઠ સંગીત મળેલું. રાજકપૂર જેવો હીરો, વહિદા રહેમાન જેવી હીરોઈન, સુપરહીટ સંગીત.. તો પછી શૈલેન્દ્રે ડિપ્રેશનમાં શરાબની શરણે જઈને લગભગ આત્મહત્યા કરવાની શી જરૂર પડી?

ગીતકાર શૈલેન્દ્રની મૌતનું કારણ સીધું ને સરળ છેઃ કવિ-કલાકાર, જ્યારે નિર્માતા બને છે ત્યારે પણ અંદરનો કલાકાર એને એક ખંધા નિર્માતા બનવાની રજા નથી આપતો. શૈલેન્દ્ર સાથે પણ એમ જ થયું. ગીતકારને ગણિત ના આવડ્યું. છંદમાં લખનાર સ્વચ્છંદ બનીને શ્રેષ્ઠ ફિલ્મ બનાવવા મથવા માંડ્યા. નવા નિર્દેશક બાસુ ભટ્ટાચાર્યને ચાન્સ આપ્યો જે બિમલરોયનાં આસિસ્ટંટ હતાં. શૈલેન્દ્રએ બિમલ રોય માટે અનેક ગીતો લખેલાં. નવા દિગ્દર્શને કામ આવડે નહીં, રાજકપૂર એમાં માથું મારે! શૂટીંગ લંબાયા કરે. વળી કલાત્મક ફિલ્મ બનાવવા માટે ગામડાં ગામ જઈને રીયલ લોકેશન પર ફિલ્માંકન કરવાનો શૈલેન્દ્રનો દુરાગ્રહ. આખી ટીમને લઈને બિહાર સુધી શૂટીંગ કરવા જાય. સત્યજિત રે નો કેમરામેન લીધેલો! ફિલ્મ બ્લેક એન્ડ વ્હાઈટ બનાવેલી અને રીલીઝ થઇ ત્યાં સુધી કલરનો જમાનો આવી ગયેલો.. ઉપરાંત શૈલેન્દ્રનાં ઘરનાં જ સગાવ્હાલાંઓ પ્રોડ્કશનની ટીમમાં. શૈલેન્દ્રને હૈયાથી વિચારતાં આવડે પણ હિસાબ નહીં.. પૈસાની ઉચાપત થવા માંડી. રાજકપૂર ત્યારે 'સંગમ' ફિલ્મ બનાવતા હતા જે એમની પહેલી કલર ફિલ્મ હતી. 'સંગમ' પહેલાં પૂરી કરવા રાજકપૂરે 'તીસરી કસમ'ને પાછળ ઠેલવા માંડી શૈલેન્દ્ર પર કરજો વધવા માંડ્યો કદાચ એ જ અવસ્થામાં શૈલેન્દ્રએ લખ્યું હશેઃ 'દોસ્ત દોસ્ત ના રહા..'

શૈલેન્દ્ર એક ગરીબ ઘરમાંથી નીકળીને બોલિવૂડ પર કઈ રીતે છવાઈ ગયાં એનાં અનેક કિસ્સાઓ છે પણ એક વાત યાદ આવે છે. શૈલેન્દ્રને 'અનાડી' ફિલ્મ માટે ફિલ્મફેર એવાર્ડ મળેલો, એ ગીત હતુંઃ 'સબ કુછ સીખા હમને ના સીખી હોંશિયારી, સચ હૈ દુનિયાવાલોં કી હમ હૈ અનાડી' એમાં એક સુંદર લાઈન છે- 'દિલ પે મરનેવાલે મરેંગે ભિખારી'. અસંખ્ય અમર ગીતો લખનાર શૈલેન્દ્ર, કરજો મૂકીને ભિખારી હાલમાં જતો રહ્યો, પણ પાછળ મૂકતો ગયો કમાલનાં ગીતો જેને કારણે જ એને હિન્દી સિનેમાનો 'મહાકવિ' કહી શકાય છે. તો હિન્દી ફિલ્મી ગીતો માટેનું કાલ્પનિક નોબેલ પ્રાઈઝ તો શૈલેંદ્રને જ જાય. (બાય ધ વે, 30મી ઓગસ્ટે શૈલેંદ્રની 60 મી પુણ્યતિથી હતી.)

# ઈલાયચીના ઓઠા હેઠળ ગુટખાનો ગોરખધંધો!

કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ, 2019 હેઠળ રૂ. 10 લાખથી 50 લાખ સુધીના દંડની જોગવાઈ છે પણ હજાર કરોડનું ટર્નઓવર કરતી કંપનીઓ માટે 50 લાખનો દંડ ચણામમરા છે! ગુટખા કંપનીઓ મ્યુઝિક ફેસ્ટિવલ્સ, સ્પોર્ટ્સ લીગ અને એવોર્ડ શો સ્પોન્સર કરીને આ બ્રાન્ડ્સને કૂલ હોવાનો ટેગ આપે છે! તેઓ વાસ્તવિક પ્રોડક્ટ ગાયબ કરી દે છે અને માનસિક રીતે ગ્રાહકને પોતાના બ્રાન્ડ નેમ સાથે બાંધી રાખે છે, આપણે પણ એટલા જ દોષિત છીએ. માત્ર સુપરસ્ટાર ટીવી પર આવીને 'કેસરી' બોલે એટલે એ પ્રોડક્ટ ખરીદી લેવી એ ક્યાંની સમજદારી છે?

મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને બોલિવૂડના દિગ્ગજ કલાકારો શાહરૂખ ખાન, અજય દેવગણ અને ટાઈગર શ્રોફને 'વિમલ ઈલાયચી'ની જાહેરાત મામલે કારણદર્શક નોટિસ ફટકારી છે. તંત્રનો સીધો આક્ષેપ છે કે ઈલાયચી વેચવાના બહાને આ કલાકારો વાસ્તવમાં રાજ્યમાં પ્રતિબંધિત એવા 'પાનમસાલા' અને ગુટખાનું પરોક્ષ માર્કેટિંગ કરી રહ્યા છે. સમાચાર જાહેર થતાં જ સોશિયલ મીડિયા પર હોબાળો મચી ગયો પણ જાહેરાત જગતના જૂના જોગીઓ અને સેલિબ્રિટીઝ તરફથી અપેક્ષિત દલીલો આવવા લાગી.

વિખ્યાત એડ-ફિલ્મમેકર પ્રહલાદ કક્કડે પણ ખુલાસો કર્યો કે કેવી રીતે આ બ્રાન્ડ્સ કાયદાની છટકબારીઓનો ઉપયોગ કરીને ગ્રાહકોના અર્ધજાગ્રત મન સાથે રમત રમે છે પરંતુ એક નાગરિક અને વિશ્લેષક તરીકે, આખીય બાબત સામે મારો વ્યૂહ બિલકુલ સ્પષ્ટ અને આકરો છે - આ માત્ર કાયદાકીય ટેક્નિકાલિટી કે માર્કેટિંગની હોંશિયારી નથી, આ દેશના કરોડો યુવાનોના સ્વાસ્થ્ય સાથે થતો ખુલ્લો વિશ્વાસઘાત છે, જેમાં કાયદાના રક્ષકો અને યુવાપેઢીના આઈકોન, બંને સરખા ભાગીદાર છે.

'સરોગેટ એડવર્ટાઈઝિંગ'એટલે શું? કાયદાની આંખમાં ધૂળ નાખવાની કળા. જે વસ્તુઓની સીધી જાહેરાત પર સરકારી પ્રતિબંધ હોય, જેમ કે દારૂ, સિગરેટ કે પાનમસાલા, એને વેચવા માટે કંપનીઓ એક નવો રસ્તો કાઢે છે. એ જ નામ, એ જ લોગો, એ જ કલર થીમ અને એ જ સ્ટાર-કાસ્ટ સાથે 'ક્લબ સોડા', 'મ્યુઝિક સીડી' કે 'ઈલાયચી' માર્કેટમાં ઉતારવામાં આવે છે. સામાન્ય ગ્રાહક તુરંત સમજી જાય છે કે ટીવી પર 'જુબાં કેસરી'નો નારો લગાવીને ઈલાયચી નહીં પણ કેન્સરનું મોહરું ગણાતો પાનમસાલા જ વેચાઈ રહ્યો છે. પ્રહલાદ કક્કડ સાચું કહે છે કે ગ્રાહક કે કંપની કોઈ અંધ નથી પરંતુ પ્રશ્ન એ થાય છે કે જ્યારે આબાલવૃદ્ધ સૌ જાણે છે કે આ વાસ્તવમાં શું છે, ત્યારે સરકાર અને કાયદો આટલાં વર્ષો સુધી કેમ આંધળા-બહેરા બનીને બેસી રહ્યા?



જ્યારે પણ આ તારા-સિતારાઓને ઘેરવામાં આવે છે, ત્યારે તેમની પાસે એક પેટન્ટ જવાબ તૈયાર હોય છે. ભૂતકાળમાં જ્યારે શાહરૂખ ખાન કે અજય દેવગણને આવા એન્ડોર્સમેન્ટ બદલ પૂછવામાં આવ્યું ત્યારે તેમનો તર્ક હતો, જો આ પ્રોડક્ટ હાનિકારક હોય તો સરકાર એના ઉત્પાદન પર જ પ્રતિબંધ કેમ નથી મૂકતી? જો સરકાર ટેક્સ કમાવા માટે વેચાણ ચાલુ રાખતી હોય તો મારી કમાણી પર રોક કેમ? કેવો અદ્ભુત તર્ક!

**કાયદાના રક્ષકો અને યુવાપેઢીના આઇકોન, બંને સરખા ભાગીદાર : વાત જ્યારે જાહેર આરોગ્યની હોય ત્યારે કોઈ પણ સુપરસ્ટાર કાયદાથી ઉપર હોઈ શકે નહીં!**

જે કલાકારોને આ દેશે અઢળક પ્રેમ, પૈસા અને 'પદ્મશ્રી' જેવા સર્વોચ્ચ નાગરિક સન્માન આપ્યા છે, તેઓ પોતાની સામાજિક જવાબદારીમાંથી છટકવા માટે આવો લૂલો બચાવ કરે છે? તમારા મિલિયન્સ ફેન્સ છે, યુવાનો તમને ફોલો કરે છે. સરકાર ફેક્ટરી બંધ નથી કરતી એટલે તમે ઝેર વેચવાની સોપારી લેશો? અક્ષય કુમાર અને અમિતાભ બચ્ચને ભૂતકાળમાં લોકરોષ જોઈને આવી જાહેરાતોમાંથી પીછેહઠ કરી હતી અને માફી પણ માગી હતી પણ મૂળ વાત એ છે કે પૈસાની ભૂખ આગળ નૈતિકતાનું પાતળું પડ પણ ઓગળી જાય છે.

**લાઈફ-ઓન**

★ ફાલ્ગુની આશર

આ આખા વિવાદમાં ત્રણ મુખ્ય પક્ષકારો છે અને ત્રણેય પોતાના સ્વાર્થમાં અંધ છે. સરકાર અને નિયમનકારોની બેવડી નીતિ સૌથી મોટા જવાબદાર છે. એક બાજુ સરકાર ગુટખા અને પાનમસાલા પર પ્રતિબંધો મૂકે છે, બીજી બાજુ એના ઉત્પાદન પરથી અબજો રૂપિયાનો જીએસટી અને એક્સાઈઝ ડ્યુટી વસૂલે છે. જો સરકાર ખરેખર જાહેર આરોગ્ય અંગે ગંભીર હોય તો ઈલાયચી કે સોડાના નામે ચાલતી સરોગેટ જાહેરાતો પર સીધો સંપૂર્ણ પ્રતિબંધ કેમ નથી મૂકતી?



કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ, 2019 હેઠળ રૂ. 10 લાખથી 50 લાખ સુધીના દંડની જોગવાઈ છે પણ હજાર કરોડનું ટર્નઓવર કરતી કંપનીઓ માટે 50 લાખનો દંડ એ તો માત્ર 'બિઝનેસ કરવાનો ખર્ચ' બની જાય છે. ગુટખા કંપનીઓ જાણે છે કે કાયદામાં કેવી રીતે છટકબારીઓ શોધવી. મ્યુઝિક ફેસ્ટિવલ્સ, સ્પોર્ટ્સ લીગ અને એવોર્ડ શો સ્પોન્સર કરીને તેઓ આ બ્રાન્ડ્સને કૂલ હોવાનો ટેગ આપે છે. તેઓ વાસ્તવિક પ્રોડક્ટ ગાયબ કરી દે છે અને માનસિક રીતે ગ્રાહકને પોતાના બ્રાન્ડ નેમ સાથે બાંધી રાખે છે. આપણે પણ એટલા જ દોષિત છીએ. માત્ર સુપરસ્ટાર ટીવી પર આવીને 'કેસરી' બોલે એટલે એ પ્રોડક્ટ ખરીદી લેવી એ ક્યાંની સમજદારી છે?

હવે માત્ર નોટિસથી કામ નહીં ચાલે! મહારાષ્ટ્ર એફડીએએ મોકલેલી નોટિસ આવકારદાયક છે પરંતુ જો આ માત્ર મીડિયામાં પબ્લિસિટી મેળવવાનો સ્ટંટ બનીને રહી જશે, તો થોડા દિવસમાં બધું ટાઢું પડી જશે. જો ખરેખર સરોગેટ જાહેરાતોનું આ દૂષણ નાથવું હોય તો નીચે મુજબનાં આકરાં પગલાં જરૂરી છે. સૌથી જો કોઈ કંપની પ્રતિબંધિત કે હાનિકારક પદાર્થ બનાવે છે, તો તે જ નામે કે લોગોથી અન્ય કોઈ પણ પ્રોડક્ટ (જેમ કે ઈલાયચી કે સોડા)ની જાહેરાત કરવા પર સંપૂર્ણ બૅન મૂકવો જોઈએ.

50 લાખનો દંડ સ્ટાર્સ માટે નજીવો છે. જો સરોગેટ જાહેરાતમાં જણાવાય તો સેલિબ્રિટી પર 3 વર્ષનો વિજ્ઞાપન પ્રતિબંધ અને બ્રાન્ડની વાસ્તવિક કમાણીના ચોક્કસ ટકા લેખે દંડ થવો જોઈએ. ઉપરાંત, જો પાનમસાલા સ્વાસ્થ્ય માટે હાનિકારક જ હોય, તો તેને સાર્વજનિક ક્ષેત્રે પ્રમોટ કરવાના તમામ ડિજિટલ અને સેટેલાઈટ રસ્તાઓ કાયદાકીય રીતે બંધ કરવા જોઈએ.

આપણો દેશ આજે જ્યારે ગ્લોબલ લેવલે આગળ વધી રહ્યો છે ત્યારે પોતાના જ દેશના યુવાધનને કેન્સરના મુખમાં ધકેલતી આવી જાહેરાતો સાંખી લેવાય નહીં.

શાહરૂખ, અજય કે ટાઈગર જેવા કલાકારોએ સમજી લેવું પડશે કે તેમની એક એક્ટિંગ કે ડાયલોગ પાછળ દેશનો મોટો વર્ગ ગેરમાર્ગે દોરાય છે.

એફડીએની આ નોટિસ જો માત્ર કાગળનો વાઘ બનીને રહી જશે તો કશું નહીં બદલાય. સમય આવી ગયો છે કે 'ઈલાયચી'ના આ મોહરાને ઉતારીને અસલી ગુટખા માફિયા અને તેમને કમાઈ આપતા સિતારાઓને કાયદાનું સાચું ભાન કરાવવામાં આવે કારણ કે વાત જ્યારે જાહેર આરોગ્યની હોય, ત્યારે કોઈ પણ સુપરસ્ટાર કાયદાથી ઉપર હોઈ શકે નહીં!

# પસંદગી - સ્વીકૃતિ

જિંદગીમાં મોટાભાગની વસ્તુ પસંદગી પ્રમાણે નથી મળતી હોતી. જન્મસ્થળ, જન્મસમય, જન્મપરિસ્થિતિ, મા-બાપ, ભાઈ-બહેન, જન્મથી પ્રાપ્ત શરીરનો ઢાંચો, જન્મ સાથે જ સંકળાયેલી શરીરની ક્ષમતા તેમજ નબળાઈ–કશું જ વ્યક્તિની પસંદગી પ્રમાણે નથી હોતું. જે કંઈ મળે છે તેને ઈશ્વરની કૃપા સમજીને, અને તેમ ન થાય તો તેને જીવનની વાસ્તવિકતા સમજીને તેની પૂરેપૂરી સ્વીકૃતિ હોવી જોઈએ, અને તે પણ સકારાત્મક ભાવ સાથે. આ સકારાત્મક ભાવ ઘણીવાર મુશ્કેલ જણાય; તે સમયે અસ્તિત્વ સાથે સંકળાયેલી સકારાત્મક સંભાવનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી જીવન સરળ બની શકે. આગળની જિંદગીમાં પણ જરૂરી નથી કે દરેક પસંદગીની વસ્તુ કે પરિસ્થિતિ મળતી રહે. જીવનના આગળના પ્રવાસમાં ઈચ્છિત વ્યક્તિ સાથે સંબંધ થાય પણ ખરો અને તેમ ન પણ થાય, ઈચ્છિત કક્ષાનું શિક્ષણ મળે પણ ખરું અને ન પણ મળે, ઈચ્છિત પ્રકારની સફળતા મળે પણ ખરી અને ન પણ મળે. છતાં પણ ઈચ્છા રાખવી જરૂરી છે, તે માટે પુરુષાર્થ પણ કરવો જ જોઈએ, પણ પછી અંતે જે પ્રાપ્ત થાય તેની સ્વીકૃતિ હોવી જોઈએ. અહીં ગીતાના તત્ત્વજ્ઞાનનો ઉલ્લેખ કરવાની ઈચ્છા પણ નથી અને આવશ્યકતા પણ નથી–તે તો બધાં જાણે જ છે.



જીવનમાં મનગમતું કામ પસંદ કરવું જોઈએ અને તે ન મળે તો જે મળે છે તેને પસંદ કરી લેવાની માનસિકતા કેળવવી પડે. જે કામમાં મહારથ પ્રાપ્ત હોય તે કામ મળે તે જરૂરી નથી, જે મળે તે માટે જરૂરી આવડત કેળવી લેવી પડે. જે કામ સન્માન અપાવે તેની પસંદગી કરી શકાય, પરંતુ જો તેમ ન થાય તો જે કામ કરવું પડે છે તેનાથી પણ સન્માન મળે તેવો પ્રયત્ન કરવો પડે. જરૂરી નથી કે દર વખતે વધુ કમાણી થાય તે પ્રકારનું કામ મળે, જે કંઈ પરિસ્થિતિ હોય તેમાં વધુ કમાણીની સંભાવનાઓ ગોતી તે પ્રમાણે કાર્યરત થવું પડે. જરૂરી નથી કે સમાજમાં પોતાના વ્યક્તિત્વની સંપૂર્ણ સ્વીકૃતિ મળે, પરંતુ તે માટેના સાત્ત્વિક અને નૈતિક પ્રયત્નો ચાલુ રાખી શકાય. રહેવા માટે મનપસંદ સ્થાને મનપસંદ ઘર મળે તે દરેક માટે શક્ય ન હોય, જે ઘર મળે તેને પસંદગીમાં તબદીલ કરવાની ક્ષમતા કેળવી લેવી પડે. ઈચ્છા તો એવી હોય કે પહેલાં પ્રયત્ને જ પરીક્ષામાં ઘણાં સારાં ગુણાંકથી ઉત્તીર્ણ થઈ જવાય, તેમ ન થાય તો પ્રયત્નો તો ચાલુ રાખી જ શકાય. સાર એ છે કે જો પસંદગી પ્રમાણે પ્રાપ્ત ન થાય તો કાં તો પ્રયત્નો ચાલુ રાખવા અને તે સમય સુધી જે કંઈ પ્રાપ્ત છે તેનાથી સંતોષ માનવો. અંતે પરિસ્થિતિની સ્વીકૃતિ આવશ્યક છે. આ કંઈ એટલું મુશ્કેલ નથી.

**આંખની અટારી**

★ હેમુ ભીખુ

બીજી મજાની વાત એ છે કે આજે જે પસંદ છે તે કાલે પસંદ ન પણ હોય. આજે જેની સ્વીકૃતિ છે તે કાલે બદલાય પણ જાય. આવી પરિસ્થિતિમાં કોઈ એક પસંદગી રાખવી ઈચ્છનીય ન ગણાય–એ સ્પષ્ટતા જરૂરી છે કે અહીં ચોક્કસ વ્યક્તિ સાથેનાં વ્યક્તિગત સમીકરણની વાત નથી. તે સિવાય, જીવનમાં અગ્રતાક્રમ સ્થાપિત કરવો પડે. 'શું ગમે છે' તેની સામે 'કેમ ગમે છે' તેની સ્પષ્ટતા હોવી

**જે કંઈ મળે છે તેને ઈશ્વરની કૃપા સમજીને, અને તેમ ન થાય તો તેને જીવનની વાસ્તવિકતા સમજીને તેની પૂરેપૂરી સ્વીકૃતિ હોવી જોઈએ, અને તે પણ સકારાત્મક ભાવ સાથે**

જોઈએ. જો 'કેમ ગમે છે' તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો પસંદગીની વસ્તુ બદલાયા પછી પણ ખુશી જળવાઈ રહે. પસંદગી 'પાણીપુરી'ની નહીં, પરંતુ 'ચટપટા સ્વાદ'ની હોવી જોઈએ. 'કેમ'ની પસંદગીમાં પણ અગ્રતાક્રમ નિર્ધારિત કરવાની આવશ્યકતા હોય. જીવનમાં કેમ આધારિત પસંદગીની પણ દરેક બાબત પ્રાપ્ત ન થાય તે સ્વાભાવિક છે; શેની સૌથી વધુ આવશ્યકતા છે તેના માટે સૌથી વધુ પુરુષાર્થ કરવો પડે, અને પછીના ક્રમની આવશ્યકતા મુજબ પછીના ક્રમનો પુરુષાર્થ કરવામાં ડહાપણ છે.

જીવનમાં સ્વીકૃતિ ખૂબ જરૂરી છે. અયોગ્ય, અનિચ્છનીય, અનૈતિક, મલિન, અશુદ્ધ, અપવિત્ર, અસામાજિક, અસત્ય આધારિત, અધાર્મિક–બાબતોનો વિરોધ કાયમ હોવો જોઈએ. અહીં સ્વીકૃતિ કોઈપણ સંજોગોમાં ન હોય. આ બાબતોની સ્વીકૃતિ થાય તો શાંતિ, સંતોષ અને ખુશી–એ ત્રણેય બાબતો પણ મલિન થાય. લાંબા ગાળે આ સ્થિતિ જીવનમાં નકારાત્મકતા લાવે. તે સિવાયની દરેક સકારાત્મક બાબત સ્વીકાર કરવાની તૈયારી હોવી જોઈએ. પસંદગીના ક્ષેત્રમાં ન હોય તેવી બાબતોનો સ્વીકાર કરવાથી જીવનને કોઈ 'મહાન નુકસાન' નથી થતું; વાસ્તવમાં તો જીવન ધીમે ધીમે થાળે પડી જતું હોય છે. ધીમે ધીમે પરિસ્થિતિની ટેવ પડતી જાય અને એક સમય એવો આવે કે તે પરિસ્થિતિ 'પસંદગી' બની રહે. પછી તેનાં ક્ષેત્રમાંથી બહાર જવાની ઈચ્છા ન પણ થાય.

જીવન આમ પણ સંજોગો પ્રમાણે ઢળતું જાય. ગરમ પ્રદેશમાં રહેવાની સ્થિતિ આવે તો શરીર ગરમીથી ટેવાતું જાય અને જો ઠંડા પ્રદેશમાં રહેવું પડે તો શરીર તે પ્રમાણે ટેવાઈ જાય. શરીરની જેમ જીવનશૈલી, આહાર, હોબી, રીતિ-રિવાજ, સામાજિક વ્યવસ્થા, પ્રાપ્ત સગવડો, મનોરંજનનો પ્રકાર–એ બધાં જ સાથે જીવન ગોઠવાતું જાય. જીવનનું એક અદ્ભુત સત્ય એ છે કે પરિસ્થિતિ પ્રમાણે જીવન ગોઠવાય અને ગોઠવાયા પછી તે જ જીવન પરિસ્થિતિને પ્રભાવિત કરે. જે સ્થાને રહેવું જરૂરી બને તે સ્થાને રહેવાની ટેવ પાડ્યા પછી તે સ્થાનને પોતાની પસંદગીના સ્વરૂપે રૂપાંતરિત કરવાની પ્રક્રિયા ચાલુ થઈ જાય.

માત્ર માનવી જ નહીં, પરંતુ સૃષ્ટિનું પ્રત્યેક સજીવ, વૃક્ષ-વનરાજી પણ આ જ પ્રમાણે જીવનને આગળ ધપાવતાં હોય છે. પછી તો એક સમય એવો આવે કે પરિસ્થિતિ અને તે સજીવ પરસ્પરનાં જાણે પર્યાય બની રહે.

એકંદરે અને અંતે એમ કહી શકાય કે જો ઈચ્છા પ્રમાણેની પરિસ્થિતિ પ્રાપ્ત ન થાય તો પ્રાપ્ય પરિસ્થિતિને પોતાની વિશેષ ઈચ્છાના સંદર્ભમાં રૂપાંતરિત તો કરી જ શકાય; સ્વીકૃતિનું આ શ્રેષ્ઠ સ્વરૂપ છે.